પાણી વરાળ થઈ ગયું એટલે દિલ્હી તરસ્યું!

સીએમ રેખા ગુપ્તાએ પાણીની કટોકટી માટે 'બાષ્પીભવન'ને જવાબદાર ગણાવતાં ભારે ટ્રોલ

નવી દિલ્હી, તા. 5: દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પાટનગરની ઉનાળાની પાણીની કટોકટી માટે 'તેજ તડકો' અને 'પાણીના બાષ્પીભવન'ને જવાબદાર ઠેરવ્યા બાદ સોશિયલ મીડિયા પર વિવાદ ઊભો થયો છે. એક પક્ષના કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, 'જે પાણી આપણી પાસે આવે છે, તેમાંથી કેટલુંક પાણી વચ્ચે જ વરાળ બનીને ઊડી જાય છે અને તેના કારણે જ અછત સર્જાય છે.' જોકે, આ વાયરલ વીડિયોની સત્યતાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. આ વાયરલ દાવા પર નાગરિકો અને રાજકારણીઓએ આકરી ટીકા અને કટાક્ષપૂર્ણ પ્રતિક્રિયાઓ આપી હતી. લોકોએ સોશિયલ મીડિયા પર મુખ્યમંત્રીની આ થિયરીને તેમની 'અદ્યતન વૈજ્ઞાનિક માનસિકતા'નો દાખલો ગણાવી મજાક ઉડાવી હતી. યુઝર્સે તેમના જૂના નિવેદનો પણ યાદ કર્યા, જેમાં તેમણે પ્રદૂષણની કટોકટી વખતે કહ્યું હતું કે 'AQI એ એક તાપમાન છે જેને કોઈ પણ સાધન માપી શકે છે.'

અન્ય એક યુઝરે દિલ્હીના જળ મંત્રીને પરવેશ વર્માને સીધો સવાલ પૂછ્યો કે, શું તેઓ મુખ્યમંત્રીના આ દાવાને સમર્થન આપે છે? ભારતમાં જ્યારે રેકોર્ડબ્રેક ગરમી પડી રહી છે, ત્યારે લોકોનું કહેવું છે કે સરકારને વહીવટ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. નાગરિકોને ઉકેલ જોઈએ છે, બહાના નહીં. વહીવટીતંત્રની આકરી ટીકા કરતા એક યુઝરે તેને 'કોમેડી શો' ગણાવ્યો હતો અને કટાક્ષ કર્યો હતો કે હવે મુખ્યમંત્રી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા માટે વરસાદને જવાબદાર ગણાવશે.

ભારતને સુખોય Su-57 સ્ટીલ્થ ફાઇટર જેટ વેચવાની પુટિનની દરખાસ્ત

આ જેટનું ભારતમાં સંયુક્ત ઉત્પાદન કરી શકાય એમ પણ કહ્યું

ભારતે જો કે આ યુદ્ધ વિમાન ખરીદવા માટે બહુ ઉત્સુકતા બતાવી નથી

સેન્ટ પીટર્સબર્ગ, તા. 5(PTI): રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને નવી દિલ્હીને રશિયાનું પાંચમી પેઢીનું સ્ટીલ્થ એરક્રાફ્ટ સુખોઈ Su-57 વેચવાની દરખાસ્ત મૂકી છે. એટલું જ નહીં, તેમણે એવું પણ સૂચન કર્યું છે કે બંને દેશો વચ્ચેની મજબૂત વ્યૂહાત્મક ભાગીદારીને અનુરૂપ ભારતમાં આ ફાઇટર જેટનું સંયુક્ત ઉત્પાદન પણ કરી શકાય છે. દાયકાઓથી રશિયા ભારતનું પ્રાથમિક સંરક્ષણ સપ્લાયર રહ્યું છે. જો કે, યુક્રેન યુદ્ધને કારણે સપ્લાય ચેઇનમાં સતત આવી રહેલી અડચણો અને ડિલિવરીમાં થઈ રહેલા વિલંબને લીધે નવી દિલ્હીને તેની સૈન્ય ખરીદી વ્યૂહરચનામાં આક્રમક રીતે વિવિધતા લાવવા મજબૂર થવું પડ્યું છે. પાંચમી પેઢીના ફાઇટર જેટ માટે વર્ષો લાંબી શોધ પછી, ભારતે તેના મહત્વાકાંક્ષી એડવાન્સ્ડ મલ્ટીરોલ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોજેક્ટની શરૂઆત કરી છે, જેને દેશનો સૌથી મોટો સ્વદેશી એરોસ્પેસ પ્રોગ્રામ માનવામાં આવે છે. પીટીઆઈ સહિત વૈશ્વિક અગ્રણી સમાચાર એજન્સીઓના વડાઓ સાથે ગુરુવારે રાત્રે થયેલી વાતચીતમાં ભારત-રશિયાના સંરક્ષણ અને સૈન્ય સંબંધોના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરતા પુતિને કહ્યું કે, મોસ્કો હજી પણ નવી દિલ્હીને Su-57 એરક્રાફ્ટ પ્રોગ્રામમાં સામેલ કરવા માટે ઉત્સુક છે. આ વાતચીતમાં એકમાત્ર ભારતીય પત્રકાર એવા પીટીઆઈના સીઈઓ અને એડિટર-ઇન-ચીફ વિજય જોશીના પ્રશ્નનો જવાબ આપતા પુતિને કહ્યું, જ્યાં સુધી Su-57નો સવાલ છે, અમે ભારતના અમારા મિત્રોને આ મશીન, જે પાંચમી પેઢીનું એરક્રાફ્ટ છે, તેને સંયુક્ત રીતે વિકસાવવાની ઓફર કરી હતી. હું માનું છું કે આ આજ સુધીનું સર્વશ્રેષ્ઠ એરક્રાફ્ટ છે.

» તિબેટના શિગાત્સે ખાતે સારા પાકની લણણીની કામના અને પ્રોત્સાહન માટે ઉજવાતા 'ઓન્ગકોર ફેસ્ટિવલ' દરમિયાન ઘોડદોડની સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ રહેલા લોકો.

સહારા રણમાં ટ્રક ફસાયા બાદ 49 લોકો તરસના કારણે મૃત્યુ પામ્યા

આ ભયાનક દુર્ઘટનામાં માત્ર 2 લોકો જ બચી શક્યા

નવી દિલ્હી, તા. 5: નાઇજરના સહારા રણમાં એક ટ્રક અધવચ્ચે બગડી જતાં તરસના કારણે ઓછામાં ઓછા 49 લોકોનાં કરૂણ મોત નીપજ્યાં છે. બીબીસીના અહેવાલ મુજબ, આ મુસાફરો માલીના હારૌબા શહેરથી એક મુસ્લિમ ધાર્મિક ઉત્સવમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા, ત્યારે નાઇજર સરહદથી 300 કિ.મી. દૂર રણમાં તેમનો ટ્રક ખરાબ થયો હતો. મુસાફરોએ કેટલાય દિવસો સુધી ટ્રક સરખો કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ સફળ થયા નહીં. અસહ્ય ગરમી વચ્ચે રણમાં ફસાઈ જવાને કારણે તેમની પાસે રહેલું પીવાનું પાણી ખલાસ થઈ ગયું હતું.

આ ભયાનક દુર્ઘટનામાં માત્ર 2 લોકો જ બચી શક્યા છે, જેમણે જેમતેમ કરીને નજીકના શહેર અસામાકા પહોંચીને અધિકારીઓને આ અંગે જાણ કરી હતી. બચાવ દળ જ્યારે ઘટનાસ્થળે પહોંચ્યું ત્યારે ટ્રકની આસપાસથી ડઝનબંધ મૃતદેહો મળી આવ્યા હતા, અધિકારીઓએ તેમને સામૂહિક કબર બનાવી દફનાવવામાં આવ્યા હતા. પરત ફરતી વખતે બચાવ ટીમને અન્ય એક ટ્રક પણ મળ્યો હતો, જેમાં 60થી વધુ લોકો બેટરી ગૂલ થવાના કારણે 3 દિવસથી ફસાયેલા હતા. ટીમે તેમને પાણી આપીને ટ્રક રિપેર કરી આપ્યો હતો.

ભારત અમારું વિશ્વસનીય ભાગીદાર, પશ્ચિમના દેશોના દબાણની કોઈ અસર નહીં થાય: પુટિન

રશિયન પ્રમુખે વૈશ્વિક સમાચાર સંસ્થાઓ સાથે સંવાદ યોજ્યો, ભારતને ઉત્કૃષ્ટ મિત્ર દેશ ગણાવ્યો

મોદી અને ભારત પશ્ચિમી દબાણ સામે ઝૂકે તેવા નહીં હોવાનું જણાવ્યું

ભારતના ઉંચા વિકાસદર માટે પુટિને મોદીને યશ આપ્યો

આ વાતચીતમાં પુતિને કહ્યું: ભારત વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાંની એક છે જેણે આર્થિક વિકાસનો સર્વોચ્ચ દર દર્શાવ્યો છે. આ કંઈ આપોઆપ નથી થઈ ગયું. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલી સખત મહેનતનું પરિણામ છે. તેમણે ઉમેર્યું, અમે આશા રાખીએ છીએ કે આગામી વર્ષોમાં આપણે પરસ્પર વેપારમાં ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચીશું.

સેન્ટ પીટર્સબર્ગ, તા. ૫(પીટીઆઈ): નવી દિલ્હી સાથે મોસ્કોના સમયની એરણ પર ખરા ઉતરેલા સંબંધોની પ્રશંસા કરતા, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચેતવણી આપી છે કે રશિયા સાથેના સંબંધો મર્યાદિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પશ્ચિમી દેશોનું દબાણ વૈશ્વિક સ્થિરતાને નુકસાન પહોંચાડશે. તેમણે ઉમેર્યું હતું કે ભારતનો વિકાસ અચાનક કે આપોઆપ થયો નથી, પરંતુ તે વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની સખત મહેનતનું પરિણામ છે. ગુરુવારે રાત્રે પીટીઆઈ સહિત વૈશ્વિક સમાચાર સંસ્થાઓના વડાઓ સાથેની વાતચીતમાં, પુતિને ભારતની સ્વતંત્ર વિદેશ નીતિના પણ વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રશિયા ભારત સાથેના તેના સર્વાંગી જોડાણને વિસ્તારવા માટે કટિબદ્ધ છે અને દ્વિપક્ષીય વેપારને વર્તમાન ૬૦ અબજ અમેરિકી ડોલરથી વધારીને વાર્ષિક ૧૦૦ અબજ અમેરિકી ડોલર સુધી લઈ જવાની પરિકલ્પના રાખે છે. તેમણે વેપાર અને રોકાણ સંબંધોની આ ઉર્ધ્વગામી ગતિને આગળ ધપાવવા માટે સ્વચ્છ ઊર્જા, ફાર્માસ્યુટિકલ્સ અને હાઇડ્રોકાર્બનને મુખ્ય ક્ષેત્રો તરીકે ઓળખાવ્યા હતા.

રશિયા સાથેના સંબંધો ઘટાડવા માટે ભારત પર દબાણ લાવવા બદલ પશ્ચિમી દેશોની આકરી આલોચના કરતા પુતિને કહ્યું કે મોસ્કોએ તેની કોઈ નકારાત્મક અસર જોઈ નથી અને આવી યુક્તિઓ હંમેશા ઉલટી જ પડતી હોય છે.

મોદી કેબિનેટમાં ટૂંક સમયમાં મોટા ફેરબદલના સંકેત

બે મંત્રીઓને રાજ્યસભાના ઉમેદવારોની યાદીમાંથી પડતા મૂકાતા કેબિનેટમાં ફેરફારનો ગણગણાટ

રેલવે રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ અને મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયન રાજ્યસભામાંથી નિવૃત થઇ રહ્યા છે, ભાજપે ફરીથી ટિકિટ આપી નહીં

આ બે મંત્રીઓના સ્થાને કોને મૂકાય તેની ચાલી રહેલી અટકળો, બીજા મંત્રીઓ પણ બદલાઇ શકે

નવી દિલ્હી, તા. ૫: ભાજપે ગઈકાલે તેની રાજ્યસભાની નામાંકન યાદીમાંથી બે વર્તમાન મંત્રીઓને પડતા મૂક્યા બાદ, રાષ્ટ્રીય રાજધાનીના સત્તાના વર્તુળોમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં ટૂંક સમયમાં જ ફેરબદલ થવાની અટકળો તેજ બની છે.

18 જૂનની રાજ્યસભા ચૂંટણી માટે 11 ઉમેદવારોના નામ જાહેર કરતી વખતે, ભાજપે રેલવે અને ફૂડ પ્રોસેસિંગ રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુને રાજસ્થાનથી અને મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયનને મધ્યપ્રદેશથી ફરી ટિકિટ આપી નથી. પક્ષે તેના બદલે રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગને મધ્યપ્રદેશથી અને હરિયાણા ભાજપના પ્રભારી સતીશ પુનિયાને રાજસ્થાનથી ઉમેદવાર બનાવ્યા છે. ઉપલા ગૃહ માટે ફરીથી નામાંકન ન મળવાને કારણે, કેન્દ્રીય મંત્રીમંડળમાં બિટ્ટુ અને કુરિયનનું ચાલુ રહેવું અનિશ્ચિત બન્યું છે. આ એટલા માટે છે કારણ કે તેમની રાજ્યસભાની મુદત ટૂંક સમયમાં સમાપ્ત થઈ રહી છે, અને તેમને મંત્રી તરીકે ચાલુ રાખવા માટે અન્ય નામાંકનની જરૂર પડશે, જે હાલના તબક્કે અસંભવ જણાય છે. હવે પ્રશ્ન એ પૂછાઈ રહ્યો છે કે: જો બિટ્ટુ પોતાનું મંત્રીપદ ગુમાવશે, તો તેમની જગ્યા કોણ લેશે? પંજાબમાંથી એક મંત્રી હોવો નિશ્ચિત માનવામાં આવે છે, કારણ કે રાજ્યમાં આગામી વર્ષે ચૂંટણી યોજાવાની છે. મંત્રીમંડળના આ સંભવિત ફેરબદલમાં તરુણ ચુગ અથવા પંજાબ ભાજપના પૂર્વ અધ્યક્ષ સુનિલ જાખડને સ્થાન મળી શકે છે કે કેમ તે અંગે અટકળો વહેતી થઈ છે. પંજાબમાં જ્યાં જાટ-શીખ રાજકારણનું વર્ચસ્વ છે, ત્યાં આ બંને અગ્રણી હિન્દુ ચહેરાઓ છે.

ભાજપે પંજાબમાં કેવલ ધિલ્લોનને પક્ષના પ્રમુખ તરીકે નિયુક્ત કરીને પહેલેથી જ જાટ-શીખ કાર્ડ રમી લીધું છે. હવે પાર્ટી કેબિનેટમાં હિન્દુ, ઓબીસી અથવા દલિત ચહેરાઓને લાવીને તેને સંતુલિત કરવા માંગશે.

ઓસ્ટ્રેલિયામાં એક જ ઘરમાંથી મળ્યો રૂ. ૧.૨૦ કરોડના વંદાઓનો જથ્થો

૧ લાખથી વધુ સીટી વગાડતા 'મેગા વંદા' પકડાયા!

બે જુદી જુદી પ્રજાતિના આ વંદાઓ વિદેશથી આયાત કરવામાં આવ્યા હતા

આ કોકરોચોને હવે મારી નાખવામાં આવશે

વેલિંગ્ટન, 5 જૂન(એપી): ઓસ્ટ્રેલિયામાં રાખવા ગેરકાયદેસર હોય તેવા ૧,૦૦,૦૦૦ (એક લાખ) થી વધુ જીવતા વંદા એક જ બ્રીડર(સંવર્ધક) પાસેથી જપ્ત કરવામાં આવ્યા છે. દેશમાં વિદેશી અપૃષ્ઠવંશી જીવોની આ અત્યાર સુધીની સૌથી મોટી જપ્તી છે, તેમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

ઓસ્ટ્રેલિયાના હવામાન પરિવર્તન, ઊર્જા, પર્યાવરણ અને જળ વિભાગના જણાવ્યા અનુસાર, ન્યૂ સાઉથ વેલ્સ રાજ્યના બાથર્સ્ટ શહેરમાં એક વ્યાપારી બ્રીડર પાસેથી મે મહિનામાં ૨,૦૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર (૧,૪૨,૦૦૦ અમેરિકી ડોલર) ની કિંમતના 'મેડાગાસ્કર હિસિંગ કોકરોચ' (સીટી વગાડતા વંદા) અને 'દુબિયા કોકરોચ' જપ્ત કરવામાં આવ્યા હતા. મેડાગાસ્કર હિસિંગ પ્રજાતિ વિશ્વના સૌથી મોટા વંદાઓમાંની એક છે, જે લંબાઈમાં ૨ થી ૩ ઇંચ (૫ થી ૮ સેન્ટિમીટર) હોય છે. વિભાગ દ્વારા જાહેર કરાયેલા ફોટામાં માણસની આંગળી કરતાં પણ મોટો, ચમકતો અને કથ્થઈ રંગનો આ કરોડરજ્જુ વગરનો જીવ જોવા મળ્યો હતો. તે દેશના સામાન્ય ઓસ્ટ્રેલિયન વંદા કરતાં ઘણો મોટો છે, જેની લંબાઈ ૦.૯ થી ૧.૪ ઇંચ (૨.૩ થી ૩.૬ સેમી) વચ્ચે હોય છે. ઓસ્ટ્રેલિયાની ઉપ-ઉષ્ણકટિબંધીય (sub-tropical) આબોહવાને કારણે ત્યાં વંદાઓનો ખૂબ વિકાસ થાય છે અને આ દેશ વંદાની સેંકડો પ્રજાતિઓનું ઘર છે.

બાથર્સ્ટના સાપ પકડનાર સ્ટેફની લેસરે ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનને જણાવ્યું કે, આ મોટી વિદેશી પ્રજાતિઓ સંભવતઃ સરીસૃપો (પેટે સરકતા જીવો) માટે કરકસરયુક્ત ખોરાક તરીકે વેચવામાં આવી રહી હતી, કારણ કે તેમના મોટા કદના લીધે ખોરાક માટે ઓછા જીવજંતુઓની જરૂર પડતી હતી. અધિકારીઓએ પાલતુ પ્રાણી રાખનારાઓને તેમની ગરોળી કે કાચંડાને ખવડાવવા માટે તેના બદલે તીડ અથવા વુડ રોચ (લાકડાના વંદા) શોધવા વિનંતી કરી છે. મેડાગાસ્કર હિસિંગ અને દુબિયા કોકરોચ બંનેની ઓસ્ટ્રેલિયામાં આયાત કરવી ગેરકાયદેસર છે. વિભાગે જણાવ્યું હતું કે જપ્ત કરાયેલા વંદાઓને દયા-મૃત્યુ આપવામાં આવશે.

ભારત-ચીનના નાજુક સંબંધોમાં રશિયા દખલગીરી કરશે નહીં: પુટિન

મોદી અને જિનપિંગ સરહદી વિવાદ સૌહાદપૂર્ણ રીતે ઉકેલશે એવી આશા વ્યક્ત કરી

સેન્ટ પીટર્સબર્ગ, તા. 5(PTI): રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને જણાવ્યું છે કે રશિયા ભારત અને ચીન વચ્ચેના નાજુક દ્વિપક્ષીય સંબંધોમાં હસ્તક્ષેપ કરશે નહીં. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ ઝી જિનપિંગ બંને તેમના લાંબા સમયથી ચાલતા સરહદ વિવાદને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા માટે દ્રઢ સંકલ્પબદ્ધ છે.

ગુરુવારે રાત્રે અગ્રણી વૈશ્વિક સમાચાર સંસ્થાઓના વડાઓ સાથેની એક વ્યાપક વાતચીતમાં, પુતિને મોદી અને ઝી બંનેના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે નવી દિલ્હી તથા બેઇજિંગ બંને સાથે રશિયાની દાયકાઓ જૂની ભાગીદારી કુદરતી રીતે આગળ વધી છે અને તે સંપૂર્ણપણે એકબીજાથી સ્વતંત્ર છે. રશિયા સતત એવું વલણ અપનાવી રહ્યું છે કે સરહદ વિવાદનો ઉકેલ લાવવાનું કામ બંને દેશોનું જ છે અને તે બંને પક્ષો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો જોવા ઈચ્છે છે. એશિયામાં મોસ્કોના વ્યૂહાત્મક સંતુલન પર ભાર મૂકતા, પ્રમુખ પુતિને ભારત અને ચીન સાથે રશિયાના સંબંધો કુદરતી રીતે વિકસિત થયા હોવાનું ગણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે નવી દિલ્હી સાથે મોસ્કોની વધી રહેલી નિકટતા બેઇજિંગના ભોગે નથી, જેમ ચીન સાથે રશિયાની ગાઢ મિત્રતા ભારત સાથેના તેના સંબંધોને નબળા પાડતી નથી.

મોદી સારા મિત્ર છે, ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરાર થઈ જશે: ટ્રમ્પ

જો કે અમેરિકી પ્રમુખે એમ પણ કહ્યું કે ભારતે વર્ષો સુધી અમેરિકી કંપનીઓ પાસેથી ભારે ટેરિફ વસૂલ્યા છે

વોશિંગ્ટન, ૫ જૂન(પીટીઆઈ): અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના એક સારા મિત્ર છે અને તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અમેરિકા અને ભારત વચ્ચે એક વેપાર કરાર થઈ જશે.

ગુરુવારે ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાતચીત કરતા ટ્રમ્પે કહ્યું કે, આપણે એક સારો કરાર કરીશું કારણ કે મને તમારા વડાપ્રધાન ખૂબ ગમે છે. તેઓ મારા ખૂબ સારા મિત્ર છે. અમારા બંને વચ્ચે સારા સંબંધો છે અને અમે ટૂંક સમયમાં જ આ ડીલ પૂરી કરીશું.

બંને દેશો વચ્ચે ચાલી રહેલી વેપાર કરારની મંત્રણા અંગે પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ભારતે વર્ષો સુધી અમેરિકાની નીતિઓનો લાભ ઉઠાવ્યો છે અને અમેરિકન કંપનીઓ પર ભારે ટેરિફ વસૂલ્યા છે. ટ્રમ્પે કહ્યું કે, તેમણે આપણી કંપનીઓ પર ભારે પ્રમાણમાં ટેરિફ લાદ્યા હતા, જ્યારે આપણે તેમની પાસેથી કોઈ ચાર્જ લેતા નહોતા.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી

DGVCL

CINU40102GJ2003SGC042909

અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી

ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

ક્રમ	સબ સ્ટેશનનું નામ	ફિડરનું નામ	સબ ડિવિઝનનું નામ	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ અને વાર	સમય
૧	૬૬ કેવી અર્બન અંકલેશ્વર	ફીડર નં-૦૨ (જી.એચ.બી)	અંકલેશ્વર ટાઉન	૧૯૧૨૩	૦૮.૦૬.૨૦૨૬ સોમવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૨	૬૬ કેવી અર્બન અંકલેશ્વર	ફીડર નં-૦૧ (હાંસોટ રોડ)			૧૦.૦૬.૨૦૨૬ બુધવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૩	૬૬ કેવી અર્બન અંકલેશ્વર	ફીડર નં-૦૬ (સર્વોદય)			૨૨.૦૬.૨૦૨૬ સોમવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૪	૬૬ કેવી અર્બન અંકલેશ્વર	ફીડર નં-૦૬ (દિનેશ મિલ)			૨૪.૦૬.૨૦૨૬ બુધવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૫	૧૩૨ કેવી અંકલેશ્વર	ફીડર નં-૦૯ (સ્ટેશન રોડ)			૨૭.૦૬.૨૦૨૬ શનિવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦
૬	૧૩૨ કેવી અંકલેશ્વર	ફીડર નં-૧૨ (બાપુ નગર)			૨૭.૦૬.૨૦૨૬ શનિવાર	૦૭.૦૦ થી ૧૧.૦૦

કામ પુર્ણ થયા પછી કોઇપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેરજનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઔદ્યોગીક), અંકલેશ્વર

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો"

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

બીઓ : વાપી શાખા : આકાર મોટર નજીક, ને.હા.નં.૮, વાપી ૩૯૬૧૯૫, જી.વલસાડ, ગુજરાત, email: bo3903@pnb.bank.in.

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી વિરેન્દ્ર બી. મીશ્રા (દેવાદાર) સરનામું : એ–૧૦૩, બિલ્ડીંગ–એ, ૧લો માળ, 'અરીહંત રેસીડન્સી, આર.જી.એ.એસની પાછળ, ગુજરાતી સ્કુલ, રે.સ.નં. ૩૫૭– ૩૫૭ પૈકી વાપી સ્ટેશન રોડ, વાપી–૩૯૬૧૯૧** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન–પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી વિરેન્દ્ર બી. મીશ્રા (દેવાદાર)	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'અરીહંત રેસીડેન્સી' તરીકે ઓળખાતી બિલ્ડીંગ 'એ–વીંગ' ના ૧લો માળ નો ફલેટ નં. એ–૧૦૩, માપ ૧૩૩.૩૧ ચો.મીટર બિનખેતી જમીન ના બાંધકામનો રેવન્યુ સર્વે નં.૩૫૭ + ૩૫૭ પૈકી + ૩૫૭ પૈકી, સીટી સર્વે નં.૧૯૨૨/બી, વાપી ગામ ની હદ માં તા. વાપી, જી.વલસાડ ખાતે વિરેન્દ્રકુમાર બ્રહ્મદેવ મીશ્રા ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : બિલ્ડીંગ 'બી', **પશ્ચિમ તરફ** : ફલેટ નં.એ–૧૦૨, **ઉત્તર તરફ** : ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ** : લીફટ અને દાદર	૩૦.૦૫.૨૦૨૬	૦૧.૦૫.૨૦૨૬	રૂા.૩૭,૦૫,૩૨૨.૩૬

ઉપરોકત દેવાદાર ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવાદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૩૦.૦૫.૨૦૨૬ સ્થળ : વાપી — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા સૌ કોઈને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ સુરત સીટી (મજુરા)તાલુકાના મોજે ગામ : વડોદ ના જુના સર્વે નંબર : ૨૦૦, નવો રી.સર્વે નંબર : ૮ જેનુ ક્ષેત્રફળ ૯૬૦૦ ચો.મી. છે અને જેનો ટી.પી.સ્કીમ નંબર : ૬૩ (વડોદ), ફા.પ્લોટ નંબર : ૧૯ ફાળવવામાં આવેલ છે. તે બીનખેતીની જમીન કે જેનુ ક્ષેત્રફળ ૬૭૨૦ ચો.મી.છે. તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો કે જે શિવશક્તિ રેસીડેન્સી તરીકે ઓળખાય છે. તે પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૨ વાળી જમીનમાં પાડવામાં આવેલા રીવાઈઝડ પ્લાન મુજબના સબ પ્લોટ નંબર ૩૩ થી ૪૦ સબ પ્લોટો પૈકી રીવાઈઝડ સબ પ્લોટ નંબર : ૩૯ વાળી ખુલ્લી જમીન કે જેનુ ક્ષેત્રફળ સુમારરે ૪૦.૬૮ ચો.મી. છે.તથા મજકુર જમીનમાં આવેલ સી.ઓ.પી. તથા રોડ રસ્તાની જમીનમાં ફાળે પડતા હિસ્સાની ૧૯.૧૧ ચો.મી.મળી કુલે ૫૯.૭૯ ચો.મી ખુલી જમીન વાળી મિલકત ના રમીલાબેન દિનેશભાઈ પટેલ એકલા અને સ્વતંત્ર માલિક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર હોવાનું જણાવીને સદરહુ મિલકત અમારા અસીલને વેચાણ થી આપવાનું નકકી કરેલ છે. અને બ્યાનું સ્વીકારેલ છે. જેથી મજકુર મિલકત સંદર્ભે કોઇપણ વ્યક્તિ, બેંક, સંસ્થા યા ઈસમનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, બેંક લોન, દર-દાવો,હકક, હિત, હિસ્સો, વાંધો, વિરોધ, અવરોધ કે અટકાયત હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવા સહિત વાંધો નોંધાવવો. સદર મુદત દરમિયાન કોઈપણ પ્રકારના વાંધા કે વિરોધ નોંધાવવામાં નહિ આવે તો મુદત વિત્યે અમારા અસીલ મજકુર મિલકત સંદર્ભે ઉપરોક્ત મજકુર મિલકતમાં વેચાણ આપનાર ને વેચાણ અવેજ સંપૂર્ણ ચુકતે કરી કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે.ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ તેમજ લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૦૬/૦૬/૨૦૨૬

જયેશ જે. મોદી (એડવોકેટ એન્ડ નોટરી) — તે ખરીદનારના એડવોકેટ — **રોશની જે. મોદી** (એડવોકેટ)

ઓફિસ :- ૨૦૬-૨૦૭, બીજોમાળ, મીડાસ સ્કવેર, પુણા પાટીયાથી ગોડાદરા ૧૫૦ ફુટ રોડ, પરવત ગામ, સુરત. મો. ૯૪૨૮૫૮૦૪૮૧

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

વેલંજા (ડી નં. ૮૯૫૪૦૦) : ૧૫૧,૧૫૨ એ નવા ફળિયા વેલંજા ૩૯૪૧૫૦.

ફોનં. : ૬૩૫૯૯૦૬૪૦૯ email: bo8954@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી પાટીલ દેવીદાસ પારસરામ (દેવાદાર)** અને **શ્રીમતી મનીષા દેવીદાસ પાટીલ (સહ દેવાદાર) સરનામું : ૧૯૩, શિવકૃપા લિમ્બાયત, ચોર્યાસી, સુરત, ગુજરાત–૩૯૪૨૧૦ અને પ્લોટ નં. ૧૭૪ ઓમ હરી ઓમ પાર્ક, સ્વર્ગ વીક અને હોમ નજીક, કારેલી–ઉમરખ રોડ, કારેલી, સુરત, ગુજરાત–૩૯૪૩૧૦** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી સંદીપ પારસરામ પાટીલ (જામીનદાર) – સરનામું : ૧૯૩, શિવકૃપા સોસાયટી, સંજય નગર, લિમ્બાયત, ઉધના, સુરત–૩૯૪૨૧૦** એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી પાટીલ દેવીદાસ પારસરામ (દેવાદાર)	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'ઓમ હરી ઓમ પાર્ક' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૧૭૪, બાંધકામ નું માપ ૫૩.૪૦ ચો.વાર એટલે ૪૪.૬૫ ચો.મીટર રહેણાંકના ઘર ના વણવહેંચાયેલ હિસ્સા આશરે માપ ૩૭.૨૨ ચો.મી સીઓપી અને કોમન રોડ સોસાયટી કુલ માપ ૮૧.૮૭ ચો.મી, બ્લોક નં. ૮૦ (રેવન્યુ સર્વે નં.૪૮)મોજે ગામ.કારેલી, સબ ડિસ્ટ્રીકટ તા. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : વાડો, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૭૫, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૭૩	૧૮.૦૫.૨૦૨૬	૦૧.૦૫.૨૦૨૬	રૂ. ૯,૦૪,૯૪૪.૨૦/–
૨	શ્રીમતી મનીષા દેવીદાસ પાટીલ (સહ દેવાદાર)				
૩	શ્રી સંદીપ પારસરામ પાટીલ (જામીનદાર)				

ઉપરોકત દેવાદાર(રો) અને જામીનદાર (જે પણ લાગુ હોય) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવાદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૧૮.૦૫.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

અંકલેશ્વર શાખા : ભોયતળીયુ ૧૭–૧૮, ઓમકાર ૨ કોમ્પલેક્ષ, હોટલ લોર્ડસ પ્લાઝા નજીક, અંકલેશ્વર, જી. ભરૂચ, ગુજરાત– ૩૯૩૦૦૨. email: bo073610@pnb.bank.in

લોકર ધારકોને નોટિસ પંજાબ નેશનલ બેંક (લોકર્સના ભાડાની ચુકવણીમાં કસૂરવારો માટે)

આ અમારા મુલ્યવાન સર્મથકો ને માહિતી માટે છે જેમણે પંજાબ નેશનલ બેંકની **અંકલેશ્વર શાખા,** માંથી લોકર ભાડેથી લીધા છે. ભાડુઆતોને તેમના રેકોર્ડ કરેલા સરનામાં પર RBI/બેંકની માર્ગદર્શિકા મુજબ મોકલવામાં આવેલી નોટિસો વિતરીત થયા વિના પરત કરવામાં આવી છે. કે કોઈ વ્યક્તિઓ/ સરનામું મળ્યું નથી અથવા બાકી છે. લોકર ધારકોનો તેમના રેકોડે કરેલા સરનામે રૂબરૂ સંપર્ક કરવાના પ્રયાસો પણ નિરર્થક ગયા અને તેઓનું હાલનું ઠેકાણું જાણી શકાયું નથી. આમ કોઈ વિકલ્પ ન હોવાથી, નીચે જણાવેલ તમામ વ્યક્તિઓને સંબંધિત શાખાનો સંપર્ક કરવા અને ૧૫ દિવસના સમયગાળામાં બેંકના લેણાંની ચુકવણી કરવા માટે આ નોટિસ આપવામાં આવે છે, જે નિષ્ફળ થવા પર બેંક તેમના ખર્ચે લોકર તોડવાની પ્રક્રિયા કરશે, જોખમ અને જવાબદારી અને બેંક બાકી ભાડું, ખર્ચ અને અન્ય શુલ્કની વસૂલાત માટે તેના પૂર્વાધિકારનો ઉપયોગ કરશે.

અનુ. નં.	લોકર ધારક/ઓ ભાડે આપનાર/ સંયુક્ત ભાડે આપનારનું નામ	અમારી સાથે નોંધાયેલ સરનામું	લોકર નં.	બાકી ભાડાની રકમ (રૂા.માં)
૧	એચ.એમ. ઈન્ડસ્ટ્રીઝ	પ્લોટ નં. ૪૯૨૦ ૧ જીઆઈડીસી અંકલેશ્વર,જી.ભરૂચ, ગુજરાત– ૩૯૩૦૦૨.	AA00015M1	રૂા.૧૦૮૯૫.૪૮
૨	નરેનસીંગ ટી. ટોમર	બી–૪૮, માયા નાગરી, ગડખોલ–૧૩, જી.ભરૂચ, અંકલેશ્વર– ૩૯૩૦૦૨	AA00029M1	રૂા.૧૨૮૩૨.૫૦
૩	તૃપ્તી મહેન્દ્રસીંગ ચાવડા	આરસીએલ એચ ૮ ૧ જૂની કોલોની જીઆઈડીસી, અંકલેશ્વર–૩૯૩૦૦૨	AA00038M1	રૂા.૧૧૦૬૨.૫૦
૪	અજયકુમાર વસંતલાલ મોદી	૪૩૯૫, સુથારફળીયુ, જીઆઈડીસી અંકલેશ્વર,જી.ભરૂચ – ૩૯૩૦૦૨	AA00043M1	રૂા.૧૨૮૩૨.૫૦
૫	પટેલ નટવરભાઈ ચેલદાસ	બી –૩૭, સંસ્કારધામ સોસાયટી, જલારામ નગર ની આગળ દિવા રોડ અંકલેશ્વર– ૩૯૩૦૦૨	AA211	રૂા.૧૦૩૪૪.૩૦
૬	અનીલકુમાર ઓમપ્રકાશ સક્સેના	ફલેટ નં. ૧૦૩, પ્લોટ નં ૨૫૦૪, રાજશ્રી કો.ઓ.હા.સો, જલધારા ચોકડી, જીઆઈડી અંકલેશ્વર– ૩૯૩૦૦૧	AA246	રૂા.૧૦૦૧૪.૭૦
૭	અનીલ શર્મા	૨૦૦૨/૩, જીઆઈડીસી, અંકલેશ્વર– ૩૯૩૦૦૧	AA31	રૂા.૧૩૮૬૫.૫૧
૮	રજનિશ મનોહરસિંગ વાલીયા	૮૮, ગંગા જમુના સોસાયટી, અંકલેશ્વર– ૩૯૩૦૦૨	AA60	રૂા.૧૮૧૬૭.૨૯
૯	મેહમુદભાઈ સુલેમાનભાઈ લીમ્બાડા	વોરાવાડ ફળીયુ, કોંધ, ભરૂચ, અંકલેશ્વર– ૩૯૩૦૦૨. ફોનં.: ૦૨૬૪૨–૨૭૫૦૭૨	AA66	રૂા.૨૧૧૩૮.૪૦

તા. ૦૪/૦૬/૨૦૨૬ — બ્રાન્ચ મેનેજર પીએનબી અંકલેશ્વર શાખા.